
# ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહિત કરવાના પગલાં

## કેન્દ્રના મહત્વના નિર્ણયો જાહેર : કાર્ડથી પેટ્રોલ-ડિઝલ ખરીદનારને ૦.૭૫ ટકા ડિસ્કાઉન્ટ : દેશના એક લાખથી વધુ ગામોને પોઇન્ટ ઓફ સેલ્સ મશીન પુરા પાડવામાં આવશે : ઓનલાઈન રેલ્વે ટિકિટ બુક કરનારને ૧૦ લાખના વિમાની જાહેરાત

નવીદિલ્હી,તા. ૮

નોટબંધીના એલાનના એક મહિના બાદ આજે કેન્દ્ર સરકારે દેશભરમાં ડિજિટલ પેમેન્ટને વધારવાની દિશામાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો સાથેની જાહેરાત કરી છે. કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરવા વાળા લોકો માટે ૧૧ જેટલી મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં કાર્ડની મદદથી પેટ્રોલ અને ડિઝલની ખરીદી કરવા વાળાને ૦.૭ ટકા જેટલું ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં કેસલેસ ટ્રાન્ઝેકશન વધારવા માટે એક લાખ જેટલા ગામોમાં પોઈન્ટ ઓફ સેલ મશીન ઈન્સ્ટોલ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત રેલવેમાં મુસાફરી કરવા વાળા હાલની સ્થિતિમાં ૫૮ ટકા લોકો છે જે ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવે છે. ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવનારને ૧૦ લાખ રૂપિયા સુધીનો એક્સીડેન્ટલ વિમાનું પણ કવચ આપવાની જાહેરાત કરવામાં આવી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, ૨૦૦૦ રૂપિયા સુધીના તમામ ડિજિટલ ટ્રાન્ઝિકશન પર કોઈપણ પ્રકારનો સર્વિસ ટેક્સ લાગૂ પડશે નહીં.



ગત ૮મી નવેમ્બરના રોજ દેશભરમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો ઉપર બેન મુકવામાં આવ્યો હતો. છેલ્લા ૩૦ દિવસથી દેશભરમાં નોટબંધીના પગલે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. નોટબંધીની અસરના કારણે દેશના અનેક ક્ષેત્રો પર તેની અસરો પણ જોવા મળી રહી છે. દેશભરમાં એક મહિના દરમિયાન જે વિવિધ ક્ષેત્રોમાં અને ખાસ કરીને સામાન્ય લોકો ઉપર નોટબંધીની અસરો જોવા મળી તેને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકાર તરફથી દેશને કેશલેસ અર્થ વ્યવસ્થાતંત્ર તરફ આગળ વધારવા માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ નિર્ણયો અંગે આજે કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ ૧૧ જેટલી બાબતો જાહેર કરતા કહ્યું હતું કે, કેન્દ્ર દ્વારા ડિજિટલ પેમેન્ટને લઈને જે કેટલી મુશ્કેલીઓ નડી રહી હતી તેને દૂર કરવા માટે આ નિર્ણય લીધા છે જેના પગલે શહેરી વિસ્તાર હોય કે દેશના ગ્રામ્ય વિસ્તાર આ તમામ વિસ્તારોમાં આવનાર સમયમાં લોકોને પડતી હાલાકી દૂર થશે. એટલું જ નહીં પરંતુ દેશ ડિજિટલ પેમેન્ટના આધારે કેશલેસ વ્યવસ્થા સ્વિકારવા તરફ અગ્રેસર બનશે.

અત્રે નોંધનીય છે કે, દેશભરમાં આઠ નવેમ્બરના દિવસથી નોટબંધીના અમલ બાદ છેલ્લા ૧૭ દિવસથી દેશના સંસદના બંને ગૃહોને વિરોધ પક્ષો દ્વારા હોબાળો મચાવી અને કાર્યવાહી સ્થગિત કરાવવામાં આવી રહી છે. આ સાથે જ વિરોધ પક્ષો દ્વારા નોટબંધીને લઈને અવારનવાર જે પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા છે. આ તમામ પ્રશ્નોનો આજે મહત્વપૂર્ણ જાહેરાત કરી સરકારે વિરોધ પક્ષોની બોલતી બંધ કરવાનો પ્રયાસ કર્યો હોવાનું નિષ્ણાતોનું માનવું છે.

બીજી તરફ એક વાત એ પણ સ્પષ્ટ બની છે કે, અનેક વિરોધ અને હોબાળાની વચ્ચે પણ સરકારે આવનારા સમયમાં દેશની તમામ અર્થવ્યવસ્થાને ડિજિટલ પેમેન્ટ પર લઈ જવા અગાઉ જે નિર્ણય કર્યો હતો તે નિર્ણયને આગળ ધપાવવા માટે સરકાર પોતે મક્કમ બની છે તે આજે કરવામાં આવેલી આ ૧૧ મહત્વપૂર્ણ જાહેરાતો પરથી સ્પષ્ટ થાય છે.

## કેન્દ્રના મહત્વના નિર્ણયો

### નવી પોલિસીના પ્રિમિયર પર આઠ ટકા ડિસ્કાઉન્ટ

- ડિજિટલ પેમેન્ટ કરનારાઓને પેટ્રોલ-ડિઝલ સસ્તુ પડશે
- કાર્ડથી પેટ્રોલ ડીઝલની ખરીદી પર ૦.૭૫ ટકા ડિસ્કાઉન્ટ અપાશે
- ઓનલાઈન રેલવે ટિકિટ બુક કરનારને ૦.૫ ટકાનું ડિસ્કાઉન્ટ
- ઓનલાઈન રેલવે ટિકિટ બુક કરનારને ૧૦ લાખના વિમાની સુવિધા મળશે
- ઉપનગરીય રેલવે નેટવર્ક પર પહેલી જાન્યુઆરીથી માસિક પાસ ડિજિટલ પેમેન્ટ દ્વારા લેનારાઓને ૦.૫ ટકા ડિસ્કાઉન્ટ મળશે
- જાહેર ક્ષેત્રની કંપનીઓના કસ્ટમર પોર્ટલ દ્વારા જનરલ વિમા પોલિસી કઢાવનારને પ્રિમિયમમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે
- જાહેર ક્ષેત્રની વિમા કંપનીઓના કસ્ટમર પોર્ટલ દ્વારા જીવન વિમા પોલિસી કઢાવનારને પ્રિમિયમમાં આઠ ટકા ડિસ્કાઉન્ટ મળશે
- નોટબંધીના નિર્ણય બાદ દેશભરમાં ડિજિટલ સોદાઓનું પ્રમાણ વધ્યું છે
- ૧૦૦૦થી ઓછી વસતી વાળા ગામોમાં બે ૨ પોઈન્ટ ઓફ સેલ્સ મશીન પુરા પાડવામાં આવશે
- આ માટે સરકાર એક લાખ ગામોની પસંદગી કરશે
- તમામ સ્માર્ટ કાર્ડ દ્વારા ટોલ પેમેન્ટ પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ અપાશે
- રેલવે કેટરિંગ, એકોમોડેશન, રિટાયર્ડિંગ રૂમ સુવિધાનું પેમેન્ટ ડિજિટલની મદદથી કરનારાઓને પાંચ ટકા ડિસ્કાઉન્ટ મળશે
- ખેડૂતોને કિસાન કાર્ડ આપવામાં આવશે
- ખેડૂતોને જેમની પાસે કિસાન ક્રેડિટ કાર્ડ છે એવા લોકોને નાબાર્ડ કાર્ડ આપશે
- છેલ્લા એક જ મહિનામાં દેશભરમાં ડિજિટલ પેમેન્ટનું પ્રમાણ ૪૦ ટકા જેટલું વધ્યું છે
- રૂપિયા ૨૦૦૦ સુધીના ડિજિટલ સોદાઓને સર્વિસ ટેક્સમાંથી મુક્તિ અપાશે
- પીએસયુ બેંક નક્કી કરશે કે માઈક્રો એટીએમ, પીઓએસ ટર્મિનલ અને મોબાઈલ પીઓએસનું ભાડુ ૧૦૦ રૂપિયા વધુ ન હોય
- પીએસયુ નક્કી કરશે કે ટ્રાન્ઝિક્શન ફી અને એમટીઆર ચાર્જ વધે નહીં

### વેપાર - ધંધામાં મંદી... ● ત્રીજા પાનાનું ચાલુ

ઈ-કોમર્સ ક્ષેત્રે સ્થિતિ મોટાભાગે ખરાબ છે, પણ અમુક દૃષ્ટિએ સારી છે, નોટબંધીના શરૂઆતના સપ્તાહોમાં ઓનલાઈન રિટેલ માર્કેટમાં ગ્રોસ મર્કન્ડાઈઝ વેલ્યુમાં ૪૦-૫૦ ટકાનો ઘટાડો થયો છે. માર્ચ સુધી સ્થિતિ આવી રહેવાની ભીતિ છે. ખર્ચાળ સ્માર્ટફોન જેવી હાઈ-વેલ્યુ આઈટેમ્સ પણ ઓછી વેચાઈ રહી છે. પ્રોડક્ટ રિટર્નનું પ્રમાણ ૫૦ ટકા જેટલું ઉંચુ છે. આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા તે કહે છે કે ટેક્સ ઘટાડી સેન્ટીમેન્ટ સુધારી શકાય. ટુરીઝમ ક્ષેત્રે નવેમ્બર-ડીસેમ્બર પીક સિઝન ગણાય છે. એને માઠી અસર થઈ છે. બિઝનેસ ૪૦ ટકા સુધી ડાઉન છે. નોટબંધી પછી ઓટો ક્ષેત્રે રસપ્રદ સ્થિતિ સર્જાઈ છે. મારૂતિ, ટોયાટા કિર્લોસ્કર મોટર અને તાળા મોટર્સ માટે જથ્થાબંધ સ્તરે કુશળ છે. વાહનોના વેચાણમાં ટુંકાગાળાની અસર પડી છે. રિટેલ સ્તરે દ્વિચક્રી અને કોમર્સીયલ વાહનોના વેચાણને અસર થઈ છે. તાતા મોટર્સના વેચાણમાં ગત મહિને ૧૭ ટકાનો ઘટાડો થયો છે. કારનિર્માતાઓ કેશલેસ ટ્રાન્જેક્શન્સને વેગ આપી રહ્યા છે, પણ કન્ઝ્યુમરર સેન્ટીમેન્ટમાં સુધારો થાય એ વધુ જરૂરી છે.

### લીલનું સામ્રાજ્ય... ● ત્રીજા પાનાનું ચાલુ

પોંકાર પાડે છે. પીજી હોસ્ટેલમાં વપરાશમાં લેવામાં આવતા પાણી યોગ્ય ન હોવાથી વિદ્યાર્થીઓ અને રેસીડન્ટ ડોક્ટર્સમાં ફરિયાદ ઉઠવા પામી છે. હોસ્ટેલના હાઈરાઈઝ બિલ્ડીંગમાં કોઈ રાઉન્ડ મારવામાં કે સફાઈ પ્રત્યે દુર્લક્ષ સેવાતુ હોય તેવું લાગી રહ્યું છે. પાણીની ટાંકી-ધાબા પર લીલનું સામ્રાજય એટલી હદે વધી જવા પામ્યું છે કે કોઈ પણ વ્યકિતનો પગ લપસી જાય તો ફ્રેકચર થવાની સંભાવના છે. મેડીકલના વિદ્યાર્થીઓ તેમજ જુનિયર અને સિનિયર રેસીડન્ટ ડોકટર જયાં વસવાટ કરે છે અને પાણીનો ઉપયોગ કરે છે. તેની સફાઈ સત્વરે કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જો સત્વરે પાણીની ટાંકી તેમજ ધાબાની સફાઈ નહી કરવામાં આવે તો દર્દીઓને સ્વસ્થ કરતા ડોકટર્સ જ બિમાર પડી શકે તેમ છે.

### ગાબડા પુરાશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષીને તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે ફુટપાથનુ બાકી કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. જો કે હજુ પણ કેટલાક ઠેકાણે વોક વે ની કામગીરી બાકી છે. ત્યારે હાલ હયાત વોક વે ની દશા સુધારવા પણ આયોજન કરી દેવાયુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા તેમજ ઉખડેલી ટાઈલ્સને યોગ્ય કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં ફુટપાથના સમારકામ માટે રૂ ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. સેકટરોના એપ્રોચ માર્ગ સાથે જોડાયેલી ફુટપાથમાં કેટલીક જગ્યાએ ગાબડા જોવા મળી રહયા છે. સેકટરમાં પ્રવેશવા માટે નાગરિકોએ શોર્ટ કટ માટે ફુટપાથને નુકશાન પહોંચાડયુ છે. જયારે આર ટી ઓ તરફ જવાના માર્ગ પર ફુટપાથની ખખડતી ટાઈલ્સ પણ ભ્રષ્ટ વહીવટનો નમુનો બની રહી ગઈ છે. આવા સંજોગોમાં આ ઠેકાણે પણ યોગ્ય કામગીરી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

### ગ્રીલ લગાવાશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોડતા માર્ગ સલામતી પણ જોખમાઈ હતી. સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા અન્ડર પાસ બનાવાનુ આયોજન પણ વિચારણા હેઠળ છે. મુખ્યમાર્ગો પર દિનપ્રતિદિન વાહનોનો ધમધમાટ વધી રહયો છે. ત્યારે માર્ગ સલામતી જળવાય તે પણ અનિવાર્ય છે. સંજોગોમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ તેમજ આ વિસ્તારનો નઝારો પણ નયનરમ્ય બને તેવા આશયથી તંત્ર દ્વારા ઘ-૪ સર્કલ આસપાસ બન્ને બાજુ આઈલેન બનાવામાં આવ્યા હતા. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ ઠેકાણે રંગબેરંગી ફુલો નિખરે તે માટે બાગાયત તંત્ર દ્વારા પ્લાન્ટેશન પણ કરી દેવાયુ છે. ટુંકમાં જ આ ઠેકાણે રંગીન ફુલોનો નઝારો જોવા મળશે. ખુલ્લા વિસ્તારમાં રોપાઓને રખડતા ઢોર નુકશાન ન પહોંચાડે તે માટે તંત્ર દ્વારા આ ઠેકાણે ગ્રીલ લગાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સર્કલના ફરતે ચાર આઈલેનમાં ગ્રીલ લગાવાશે આ કામગીરી પાછળ રૂ ૧૨ લાખનો ખર્ચ થશે.

### નયનરમ્ય બનશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રંગરોગાન ચાલી રહયુ છે. વાઈબ્રન્ટ સમિટમાં શહેરની મુલાકાતે મહાનુભાવો હાજર રહેવાના હોવાથી તંત્ર પણ તડામાર તૈયારીમાં લાગી ગયુ છે. કોબા હાંસોલ માર્ગનુ પણ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. કરોડોના ખર્ચે તૈયાર થતા આ માર્ગ પર બ્યુટીફિકેશનની કામગીરી પણ હાથ ધરાશે. જયારે માર્ગોની સાથે શહેરમાં અસ્તિત્વ ધરાવતા આઈલેન તેમજ નર્સરીને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ પાસે સ્થિત નર્સરીને પણ વાઈબ્રન્ટ લુક આપવા કામ શરૂ કરી દેવાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ નર્સરીમાં નાનુ તળાવ,લેન્ડ સ્કેપીંગ, બગીચો તેમજ વોક વેનુ નિર્માણ કરવામાં આવશે. વોક વે તેમજ તળાવ બનાવાનુ કામ માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવશે. જયારે નર્સરીનો ગેટ પણ બદલાશે. પુનિત વનની પેટર્ન મુજબ નવો ગેટ તૈયાર કરાશે. નર્સરીમાં આવતા મુલાકાતીઓ માટે નર્સરી પીકનિક સ્પોટ સમાન બનશે. નર્સરીને નયનરમ્ય બનાવવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે મહીનાના અંત સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નર્સરીનો નઝારો પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે.

### તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

આ બધું લખવા નું કારણ શું ? કારણ એક જ તમારી સાથે પૈસા છે નથી એ બધું ભૂલીને માનસિક રીતે અને શારીરીક રીતે શક્તિશાળી બનો જેમ કુંભાર સારી ઈંટો બનવા, પાક્કા માટલા બનાવા અગ્નિમાંથી પસાર કરીને તપાવીને માટી માંથી હીરો બનાવે છે એમ આપણો દેશ પણ આવતા વખતમાં દુનિયાનો સર્વશ્રેષ્ઠ દેશ બની જશે ? ભાઈ આપના હાથમાં છે નરેન્દ્રભાઈ તો આજ છે ને નથી પણ આપણો દેશ કાયમ છે.

- sgpathlab@gmail.com

# ચેન્નાઈ ખાતેથી ૯૦ કરોડની નોટ, ૧૦૦ કિલો સોનું જપ્ત

## આઠ જેટલા વિવિધ સ્થળોએ આઈટીના દરોડા



ચેન્નાઈ,તા. ૮

નોટબંધી અમલમાં આવ્યા બાદ આજે ૩૦માં દિવસે ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓ દ્વારા ચેન્નાઈમાં આઠ સ્થળોએ સર્ચ ઓપરેશન કરતા ૯૦ કરોડ રૂપિયાની ચલણી નોટો અને ૧૦૦ કિલોગ્રામ સોનુ કબજે કરતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. દેશમાં નોટબંધી અમલમાં આવ્યા બાદ મનીલોન્ડરિંગની શંકાના આધારે ગઈકાલે દેશભરમાં એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા દેશની ટોચની નેશનલાઈઝ બેંકોની ૫૦ શાખાઓ ઉપર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી જે પછી આજે ચેન્નાઈમાં અલગ અલગ સ્થળોએ ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ દરોડા અને સર્ચ ઓપરેશન હાથ ધરતા ૩૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૦૦ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી જ આઈટીના અધિકારીઓએ અલગ અલગ ટીમો બનાવી ચેન્નાઈના ટીનગર અને અન્નાનગર સહિત આઠ સ્થળોએ આવેલા જ્વેલર્સના શોરૂમ ખાતે દરોડા પાડ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે, આ દરોડાની કાર્યવાહી દરમિયાન શહેરની એક હોટલ અને જ્વેલર્સના ઘરો ઉપર પણ આઈટી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઈન્કમટેક્સના સુત્રો તરફથી જાણવા મળ્યા મુજબ શ્રીનિવાસન રેડ્ડી અને તેમના સહયોગી શેખર રેડ્ડી તથા એજન્ટ પ્રેમના નામ એ સંદિગ્ધોની યાદીમાં સામેલ છે. આઈટી વિભાગે ૯૦ કરોડ રૂપિયાની ચલણી નોટો પણ કબજે કરી છે. જે ૭૦ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે તે શહેરની એક હોટલમાંથી જપ્ત કરાયું છે. આ દરોડામાં આઈટી વિભાગે શેખર રેડ્ડી, શ્રીનિવાસ રેડ્ડી અને પ્રેમની પુછપરછ કરતા જુની નોટ એક્સચેંજ કરવાનું મોટું રેકેટ સામે આવ્યું છે. બ્લેકમનીને વ્હાઈટ કરવાના મામલામાં આઈટી વિભાગ દ્વારા આ અગાઉ ૧૧મી નવેમ્બરે પણ ૧૧ જેટલા જ્વેલર્સના ત્યાં સર્ચ ઓપરેશન કર્યું હતું.

### કાવ્ય પરિચય ● ૪ પાનાનું ચાલુ...

હાજર હોતા નથી એનું શું? 'ઘર' અનેક રીતે એમનાથી દૂર કે એ પોતે માત્ર શરીરથી હાજર છતાં મનથી હાજર ન હોઈ ઘરમાં છતાં ઘરમાં નથી હોતા. કેવી વિડંબના! તો કેટલાક 'માણસોમાં' ઘર ઘર નથી. આ માણસો ઘરમાં રહેવા જાણે બન્યા જ નથી. ઓલિયા-ફકીર-અલગારી જેવા આ માણસો ઘરની ચાર દિવાલના બંધનમાં રહેવા જાણે સર્જાયા જ નથી! ઘરથી દૂર, ઘરથી મુક્ત એવા આ માણસો માટે આખું વિશ્વ જ ઘર છે. કવિ રાજેન્દ્ર શાહનું સ્મરણ થાય,

નિરુદ્દેશે,  
સંસારે મુજ મુગ્ધ ભ્રમણ,  
પાંશુ મલિન વેશે.'

તો કેટલાક માણસો ઘર માટે નથી. ગૃહસ્થ જીવન - સંસાર છતાં મહેતા નરસિંહ જેવા જે અલિપ્ત છે એવા જન! એ માણસો જાણે ઘર-ગૃહસ્થી માટે સર્જાયા જ નથી. તો વળી કેટલાક માણસો એવા છે કે જેમના માટે ઘર જ નથી. ઘરની ઝંખના છતાં ઘરવિહોણા. સપનાના ઘર માટે તડપે - તલસે છે છતાં એવા માણસો માટે 'ઘર' નથી સર્જાયું. પણ ઔ સૌમાં કવિને અંતે જે પ્રશ્ન થાય છે તે ખૂબ સૂચક છે : 'હું કયો માણસ ગણાઉં ?'/ 'માણસ ગણાઉં?' પહેલા તો 'કયો' દ્વારા કવિ કહેવા માગે છે કે આગળ વર્ણવ્યું તેમ તેઓ ઘરમાં નથી? પોતે કેવા પ્રકારના 'માણસ'માં પોતાની જાતને મૂકે છે? કોયડો વણઉકલ્યો જ રહેવા જાણે સર્જાયો છે કારણ કે એના જવાબની શોધ કરતાં પહેલાં જ કવિની જાગ્રત સંવેદનાને પ્રશ્ન થાય છે, વેધક પ્રશ્ન કે 'માણસ ગણાઉં?' પોતે જ શું હજી પૂરેપૂરા માણસ બની શક્યા છે ખરા? 'માણસ' હોવાની સાબિતી માત્ર હાથ-પગ-હૈયું-વાણી નથી પણ માણસાઈ છે ખરી, વાણીમાં સચ્ચાઈ, વિચારમાં સત્વ, હૃદયમાં સંવેદન-કરુણા, મનમાં દયા, હાથ-પગની નિશ્ચલ કર્મમાં ગતિ, આંખમાં જિજ્ઞાસા આ સર્વે કંઈ છે ખરું પોતાનામાં. એ છે તો જ અસ્તિત્વનો 'ઉત્સવ' છે, ઘર છે, ઘરની બહાર પણ 'ઘર' રચી શકાય છે! આ 'નકાર'ની 'પ્રશ્ન'ની કવિતા ભાવકને સીધો જ સંડોવે છે? જેટલો પ્રશ્ન કવિ સ્વને કરે છે એટલો જ ભાવકને પણ કરે છે કે 'માણસ ગણાઉં?' જવાબ તો મળે જ ખરો, ન પણ મળે. કવિતા તો એ પ્રશ્ન પાસે પૂરી થાય છે પણ જાગ્રત ભાવકને ય વિચારતા કરી મૂકે છે... આ જવાબ મેળવવાની જે શોધ આદરાય છે એમાં જ વ્યક્તિ નહીં પણ સૌને જાણે કે પ્રશ્ન પૂછાયો છે કે આપણે 'માણસ ગણાઈએ ખરાં?' વિશ્વયુદ્ધો, ખૂનામરકી, સામૂહિક હત્યા, આપઘાત, આતંકવાદ, ભૂખમરો, આર્થિક અસમાનતા, પ્રકૃતિ પ્રત્યેની સંવેદનહીનતા, ભૌતિકવાદ તરફની આંધળી દોટ, સ્વાર્થ, સંવેદનશીલતા - આ સૌ આપણને આ પ્રશ્ન તરફ ફરી આંગળી ચીંધી પૂછે છે 'શું આપણે માણસ ગણાઈએ?' જો ગણાઈએ તો આ બધું કેમ? શા માટે? છે કોઈ જવાબ?

# આવતીકાલથી બસ-ટ્રેન ચલણમાં જુની નોટ નહીં ચાલે

અમદાવાદ, તા.૮

કેન્દ્ર સરકાર દ્વારા આઠમી નવેમ્બરના રોજ નોટબંધીનો નિર્ણય કરવામાં આવ્યાના એક મહિના બાદ હવે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ બસ કે ટ્રેન વ્યવહારમાં વપરાશ પર લેવા પર ૧૦મી ડિસેમ્બરથી સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આમ હવે ૧૦મી ડિસેમ્બર પછી જાહેર પરિવહનના ક્ષેત્ર તરીકે જેનો સૌથી વધારે વપરાશ થાય છે તેવા બસ અને ટ્રેન વ્યવહારમાં રૂપિયા ૫૦૦ના દરની જુની નોટનો સ્વીકાર કરવામાં આવશે નહીં. કેન્દ્ર સરકારના નોટબંદીના નિર્ણયને આજે એક મહિનો થઈ ગયો છે અને આ દરમિયાન એક બદલાવ આવ્યા હતા. આજે મળતી વિગતો પ્રમાણે ૧૦ ડિસેમ્બરથી ૫૦૦ની જુની નોટો હવે કેટલીક જગ્યા એ નહીં ચાલે. જેમાં બસ ટ્રેનમાં પરમ દિવસથી ૫૦૦ની નોટ નહીં ચાલે. નોટબંદી બાદ કેટલાક સ્થળો પર જુની નોટો ચાલવાનો મહત્વપૂર્ણ નિર્ણય પણ આવ્યો હતો. જેમાં ટ્રેન, બસ હોસ્પિટલ, પેટ્રોલ પમ્પ વગેરે જેવા સ્થળોનો ઉલ્લેખ હતો. હવે ૧૦મી ડિસેમ્બર પછી રેલ્વે સ્ટેશન બસ સ્ટેશન પર ૫૦૦ની જુની નોટો સ્વીકારવામાં નહીં આવે. કેન્દ્ર સરકારે ૫૦૦ની જુની નોટોની સમયમર્યાદા અંગે વધુ એક નિર્ણય લીધો છે.

હવે ૧૦ ડિસેમ્બર એટલે કે શનિવાર સુધી જ રેલવે, બસની ટિકિટમાં ૫૦૦ની જુની નોટો સ્વીકારવામાં આવશે. ગત બીજી ડિસેમ્બરે સરકારે જુની નોટો પબ્લિક યુટિલિટી બિલ્સ તથા રેલવે, બસ જેવા જાહેર ક્ષેત્રનાં પરિવહનમાં સ્વીકારવાની સમયમર્યાદા ૧૫ ડિસેમ્બરે રાખી હતી. આ પહેલા ત્રીજી ડિસેમ્બરથી જુની નોટો પેટ્રોલ, ડીઝલ, ગેસની ખરીદી અને એર ટિકિટસમાં સ્વીકારવાની બંધ કરી દેવાઈ હતી. ૮ નવેમ્બરે ૫૦૦ અને ૧૦૦૦ની નોટો લીગલ ટેન્ડરમાંથી બહાર કરવામાં આવ્યા બાદ સરકારે યુટિલિટી બિલ પેમેન્ટસમાં તે ૭૨ કલાક સુધી સ્વીકારવાનું કહ્યું હતું. ત્યાર બાદ સરકારે આ નિર્ણય લંબાવ્યો હતો અને પબ્લિક યુટિલિટીમાં જુની નોટો સ્વીકારવાની સમયમર્યાદા ૨૪ નવેમ્બર સુધી કરી હતી.

ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો




# સાબરમતી રેલ્વે સ્ટેશનેથી ત્રણ કિલોગ્રામ ચરસ જપ્ત

અમદાવાદ, તા.૮

ગોમતીપુરમાં રહેતા વૃદ્ધને સાબરમતી રેલ્વે સ્ટેશનેથી નારકોટીક્સ વિભાગે ૩ કિલો ચરસનાં જથ્થા સાથે એક ઈસમની અટકાયત કરી હતી. અલીમુદ્દીન નામનો આ શખ્સ અજમેરથી ચરસનો જથ્થો અમદાવાદ લાવી વેચતો હોવાનું ખુલ્યું હતું. અમદાવાદના ગોમતીપુરમાં રહેતા વૃદ્ધને સાબરમતી રેલ્વે સ્ટેશનેથી ૩ કિલો ચરસનાં જથ્થા સાથે ઝડપી લેવાયો છે. મળતી માહિતી મુજબ, અલીમુદ્દીન નામનો આ શખ્સ ૧૦ કિલો જેટલો જથ્થો લાવવાનો હતો. પરંતુ નોટબંધીને લઈ ત્રણ કિલો જથ્થો કાશ્મીરમાં રહેતા બશીર નામના યુવક પાસેથી લાવતો હતો. આ પહેલા પણ ઘણી વખતે આ શખ્સ ચરસના જથ્થા સાથે પોલીસને હાથે ઝડપાઈ ચુક્યો હતો. જ્યારે હવે પોલીસે કાશ્મીરના બશીરને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.

RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR Live beautiful · DC FURNISHINGS · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.  
8 , SIDDHRAJ ZORI ,  
SARGAASAN - G'NAGAR  
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.  
A-174, ELECTRONOICS ESTATE,  
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR  
09462597151 , 09414119651